# મીઠી મકાઇ(સ્વીટ કોર્ન) ની વૈજ્ઞાનિક ખેતી કરી સમૃધ્ધ બનો

ખેડુતમિત્રો, આજકાલ અમેરીકન સ્વીટ કોર્નની (મીઠી મકાઇ) બહુજ ડીમાંડ છે. પાર્ટી અને લગનમાં સ્વીટ કોર્નની અવનવી વાનગીઓ બનાવવામાયં આવ છે. બાળકોથી માંડીને વડીલો સુધી બધાજ સ્વીટ કોર્ન શેકેલી મકાઈ શોખથી ખાય છે. મીઠી મકાઈકો પાક ૮૦ દિવસમાં તૈયાર થઇ જાય છે અને વળતર પણ સારુ મળે છે.

## જમીન

ગોરાડુ થી મધ્યમ કાળી જમીન પાકને માફક આવે છે.

## અનુકૂળ વિસ્તાર

પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, નર્મદા, ખેડા, છોટાઉદેપુર વગેરે જીલ્લાઓ

## વાવેતર સમય

ચોમાસુ ૧૫ જૂન થી ૧૫ જુલાઈ, શિયાળુ ૧૫ ઓકટોબર થી ૧૫ નવેમ્બર તથા ઉનાળુ ૧૫ જાન્યુઆરી થી ૧૫ ફેબ્રુઆરી વાવણી કરવી.

## જાતો

માધુરી, વીનઓરેન્જ સ્વીટકોન પ્રચલિત જાતો છે અને સારૂ ઉત્પાદન આપે છે.

## વાવેતર પદ્ધતિ

થાણીને

## વાવતેર અંતર અને બીજનો દર

બે હાર વચ્ચેનું અંતર ૬૦ સે.મી. તથા બે છોડ વચ્ચે ૨૫ સે.મી. અને હેકટરે ૧૫ કિલો બિયારણની જરૂરિયાત રહે છે.

## બિયારણની માવજત

વાવતાં પહેલાં એક કિલો બીજ માટે ૩ ગ્રામ કેપ્ટાન અથવા થાયરમ દવાનો પટ આપ્યા પછી ૨૪ કલાક બાદ ૧૦ કિલો બીજ માટે ૫૦૦ ગ્રામ અઝેટોબેકટર/એઝોપોસ્પાઈરીલમ કલ્ચરનો પટ આપવો. એટલા જ જથ્થામાં ફોસ્ફોબેકટર કલ્ચરનો પટ પણ આપવો.

## રાસાયણીક અને દેશી ખાતર

૧૨૦ : ૬૦ : ૦૦ ના:ફો:પો. કિ./હે દેશી ખાતર : ૧૦ થી ૧૨ ટ્રેકટર છાણિયા ખાતર તથા ૧ ટન દિવેલીનો ખોળ પ્રતિ હેકટરે વાવણી પહેલા ૧૫ દિવસ પહેલા આપવો.

## પાયાનું ખાતર

૧૦% યુરિયા (૨૧ કિલો યુરિયા) અને ૧૩૦ કિલો ડીએપી આપવું. ચાર પાનની અવસ્થાએ ૨૦% યુરિયા, (૪૨ કિલો યુરિયા), આઠ પાન અવસ્થાએ ૩૦% (૬૩ કિલો યુરિયા), ચમરી અવસ્થાએ ૩૦% (૬૩ કિલો યુરિયા) અને દૂધિયા દાણા વખતે (૨૧ કિલો યુરિયા) આપવું.

## નીંદામણ અને આાંતરખેડ

એટ્રોજીન ૨ કિલો/હે. ૫૦૦ લિટર પાણીમાં વાવ્યા પછી પરંતુ છોડના ઉગતા પહેલા ઉધ પગે છટકાવ કરવો તેમજ ૪૦ દિવસે પાળા ચઢાવવા. આંતરખેડ કરવી.

## જીવાત નિયંત્રણ

ગાભમારાની ઈયળ : પાકની વાવણી બાદ ૧૫ થી ૨૦ દિવસે પારવણી કર્યા પછી કાર્બોફ્યુરાન ૩% દાણાદાર દવા અથવા કાબરીલ ૫% અથવા કિવનાલફોસ ૧.૫% ભૂકારૂપ દવા ૮ થી ૧૦ કિલો| હે. પ્રમાણે છોડની ભંગળીમાં આપવું.

## રોગ નિયંત્રણ

(૧) પાનનો સુકારો : વાવણી માટે રોગમુકત અને પ્રમાણિત બિયારણ પસંદ કરવું. ભલામણ કરેલી રોગપ્રતિકારક શક્તિ ધરાવતી જાતો ઉપયોગમાં લેવી.
(૨) પાછોતરો સુકારો : સેન્દ્રિય ખાતરનો ઉપયોગ અવશ્ય કરવો. રોગમુકત અને પ્રમાણિત બિયારણ વાવણી માટે પસંદ કરવું. પ્રતિ હેકટરે ૧૦૦૦ કિલો લીંબોળીનો ખોળ વાવતી વખતે જમીનમાં આપવો.

## કાપણી

મીઠી મકાઈના લીલા ડોડા સામાન્ય રીતે ચોમાસામાં વાવેતર બાદ ૭૦ દિવસે તથા શિયાળામાં ૮૦ દિવસે બજારમાં વેચવા માટે તૈયાર થઈ જાય છે. ડોડા ઉપરની મૂછનો કલર ભૂખરાથી કાળાશ પડતો થઈ જાય એટલે સમજવું કે લીલા ડોડા તૈયાર થઈ ગયા છે.